Read in English

## ॥ વચનામૃત ॥

## ગઢડા મધ્ય ૭ : દરિદ્રીનું

સંવત ૧૮૭૮ના શ્રાવણ સુદિ ૧૧ એકાદશીને દિવસ રાત્રિને સમે સ્વામી શ્રીસહજાનંદજી મહારાજ શ્રીગઢડા મધ્યે દાદાખાચરના દરબારમાં શ્રીવાસુદેવ નારાયણના મંદિર આગળ વિરાજમાન હતા અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં અને પોતાના મુખારવિંદની આગળ પરમહંસ તથા દેશદેશના હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

પછી મુક્તાનંદ સ્વામીએ શ્રીજીમહારાજને પ્રશ્ન પૂછ્યો જે, "ભગવાનનો ભક્ત હોય તેના મનમાં તો એમ હોય જે, ભગવાનના ભજનમાં અંતરાય કરે એવો એકે સ્વભાવ રાખવો નથી, તોય પણ અયોગ્ય સ્વભાવ રહી જાય તેનું શું કારણ છે?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેને વૈરાગ્યની દુર્બળતા હોય તેને ટાળ્યાની શ્રદ્ધા હોય તોય સ્વભાવ ટળે નહીં. જેમ દરિદ્રી હોય તે ઘણાં સારાં સારાં ભોજન ને સારાં સારાં વસ્ત્રને ઇચ્છે પણ તે ક્યાંથી મળે? તેમ વૈરાગ્યહીન હોય તેના હૃદયમાં ઇચ્છા તો હોય પણ સાધુતાના ગુણ આવવા ઘણા દુર્લભ છે."

પછી વળી મુક્તાનંદ સ્વામીએ પૂછ્યું જે, "જેને વૈરાગ્ય ન હોય તે શો ઉપાય કરે ત્યારે વિકાર ટળે?" પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, "વૈરાગ્યહીન હોય તે તો કોઈ મોટા સંત હોય તેની અતિશય સેવા કરે અને પરમેશ્વરની આજ્ઞામાં જેમ કહે તેમ મંડ્યો રહે. પછી પરમેશ્વર તેને કૃપાદૃષ્ટિએ કરીને જુએ જે, 'આ બીચારો વૈરાગ્યરહિત છે, તેને કામ-ક્રોધાદિક બહુ પીડે છે, માટે એના એ સર્વે વિકાર ટળો;' તો તત્કાળ ટળી જાય અને સાધને કરીને તો બહુકાળ મહેનત કરતાં કરતાં આ જન્મે ટળે અથવા બીજે જન્મે ટળે. અને તરત જે વિકારમાત્ર ટળે તે તો પરમેશ્વરની કૃપાએ કરીને ટળે."

॥ ઇતિ વચનામૃતમ્ ॥ ૭ ॥ ૧૪૦ ॥

**ǁ THE VACHANAMRUT ǁ**

## GADHADA II-7 : A Poor Man

On the night of Shrāvan sudi 11, Samvat 1878 [9 August 1821], Swāmi Shri Sahajānandji Mahārāj was sitting in front of the mandir of Shri Vāsudevnārāyan in Dādā Khāchar's darbār in Gadhadā. He was dressed entirely in white clothes. At that time, an assembly of paramhansas as well as devotees from various places had gathered before Him.

Thereupon Muktānand Swāmi asked Shriji Mahārāj, "A devotee of God resolves in his mind, 'I do not want to retain a single swabhāv which may hinder me in worshipping God,' and yet, such inappropriate swabhāvs do remain. What is the reason for this?"

Shriji Mahārāj replied, "If a person has a deficiency of vairāgya, then even if he has the shraddhā to eradicate his swabhāvs, still they will not be eradicated. For example, a poor man may wish for lots of sumptuous food and lavish clothes, but how can he acquire them? Similarly, one who lacks vairāgya may wish in his heart to acquire the virtues of a sādhu, but it is very difficult for him to do so."

Muktānand Swāmi then asked, "If a person does not possess vairāgya, what means should he adopt to eradicate those vicious natures?"

Shriji Mahārāj replied, "If a person lacking vairāgya intensely serves a great Sant and obediently perseveres in his observance of the injunctions of God, then God will look upon him with an eye of compassion and feel, 'This poor fellow lacks vairāgya, and lust, anger, etc., are harassing him very much. So now, may all those vicious natures be eradicated.' As a result, they will be eradicated immediately. In comparison, if he were to endeavor in other ways, those swabhāvs may be eradicated, but after a great deal of time and effort - either in this life or in later lives. If such vicious natures are eradicated instantly, then it should be known that they have been eradicated by the grace of God."

Vachanamrut ǁ 7 ǁ 140 ǁ